વર્ષ : ૬ અંક : ૨ સપ્ટેમ્બર–૨૦૨૩

# પલાશ




શ્રી ઝવેરચંદ મેઘાણી
## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
સુરેન્દ્રનગર

# સ્ટેમ સેલ હેન્ડસ ઓન ગણિત વિજ્ઞાન તાલીમ


















વર્ષ : ૬ # પલાશ અંક : ૨


**અધ્યક્ષ** : ડૉ. સી.ટી. ટૂંડિયા
**તંત્રી** : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
**સહતંત્રી** : ડૉ. રાજેન્દ્રકુમાર પિતલિયા

**સલાહકાર સમિતિ**

શ્રી વિમલભાઇ યુ. દંગી
ડૉ. મનીષભાઇ એન. પંડ્યા
ડૉ. સુમનબહેન જી. પંડ્યા
ડૉ. પીયૂષભાઇ એમ. મહેતા
ડૉ. ગાયત્રીબહેન જે. દવે
શ્રીમતી ખ્યાતિબહેન એન. તેરૈયા
શ્રી દીપકભાઇ કે. ગોસાઇ

**સંપાદક મંડળ**

શ્રી ચંદ્રકાંતભાઇ વ્યાસ
ડૉ. કેતનભાઇ ગોહિલ
ડૉ. અલકાબહેન દેવમુરારી
શ્રી આર. ડી. પાંચાણી
શ્રી અશોકભાઇ વાઘેલા
શ્રી હિતેશભાઇ ઠાકર
શ્રી જાતુશભાઇ જોશી
શ્રી સંજ્ઞાબહેન આચાર્ય
ડૉ. નીતિનભાઇ પંચાલ
શ્રી ધનજીભાઇ વાલેરા
શ્રી મુકેશભાઇ બદ્રેશિયા
શ્રી પુનાભાઇ વકાતર


## અધ્યક્ષીય...

શિક્ષક દિન નિમિત્તે ગુરૂજનોને પ્રણામ...

**''આચાર્યઃ પૂર્વરૂપમ્ અંતેવાસી ઉત્તરરૂપમ્ ।**

**વિદ્યાસંધિઃ પ્રવચનમ્ સંધાનમ્ ।।''**

શિક્ષણના પાયામાં આચાર્ય છે. શિક્ષણમાં બીજું સ્થાન વિદ્યાર્થીનું ગણાય. વિદ્યાનું આદાનપ્રદાન થતું રહે તેમાં પ્રવચન સેતુનું કામ કરે છે.

ગુરૂજનો, હમણાં એક સેમિનારમાં શ્રી ચંન્દ્રકાંત વ્યાસનું પ્રવચન સાંભળ્યું. જેમનો વિષય હતો, 'મારે જોઇએ છે એક નક્કર શિક્ષક.' શિક્ષક તરીકેનો વ્યવસાય કરવો અને શિક્ષકત્વ હોવું બંને અલગ વાત છે. શાળાઓની મુલાકાત દરમિયાન એવા અસંખ્ય શિક્ષકોના દર્શન કર્યા છે કે જેમાં શિક્ષકત્વની સાથે ગુરૂત્વના દર્શન પણ થતાં હોય.

ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન, ડૉ. એ.પી.જે. અબ્દુલ કલામ બંને ભારતરત્નોએ શિક્ષક તરીકેના વ્યવસાયને આગવી અસ્મિતા આપી, આગવી ઓળખ પ્રસ્થાપિત કરી છે. બંને દિવ્ય ચેતનાઓને શિક્ષકદિન નિમિત્તે શત શત પ્રણામ...


**પત્રવ્યવહાર - સંપર્ક**

**ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩૧૭૦**
**મોબાઇલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭**

E-mail : palash.dietsnr@gmail.com
Website : www.dietsnr.org
Youtube : diet surendrangar

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સામે, સુરેન્દ્રનગર - ૩૬૩ ૦૦૧.**

## અનુક્રમણિકા


| ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| 1 | શિક્ષણની દીવાદાંડી | 03 |
| 2 | દેદીપ્યમાન દીપક દેવસર પ્રાથમિક શાળા | 09 |
| 3 | જિલ્લા કક્ષાની વાર્તાસ્પર્ધાના વિજેતા સ્પર્ધકોની માહિતી | 11 |
| 4 | હિન્દી દિવસ | 12 |
| 5 | યોગ તાલીમ | 13 |
| 6 | પાઠ આયોજન કેવી રીતે કરશો ? | 14 |
| 7 | જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં વિજેતા સ્પર્ધકોની માહિતી | 19 |
| | | |
| | | |


## લેખકો માટે

- પલાશ માટેના લેખ શ્રૃતિ ફોન્ટ, સાઇઝ ૧૨ માં કોમ્પ્યૂટરાઇઝ્ડ કરી તેની સોફ્ટ કોપી પલાશના ઇ-મેઇલ એડ્રેસ પર મોકલવા અને ભાવ-પ્રતિભાવો પણ ઉપરના ઇ-મેઇલ એડ્રેસ ઉપર મોકલવા.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવા ઉપયોગી બને તથા શિક્ષકની શૈક્ષણિક ગુણવત્તામાં વૃદ્ધિ કરે તેવા લેખો આવકાર્ય છે.
- પ્રાથમિક શિક્ષણમાં નવીનીકરણ, આધુનિક વલણ તેમજ શૈક્ષણિક પરિવર્ત ક્ષેત્રે યોગદાન આપનાર વ્યક્તિ કે સંસ્થા વિશેના માહિતી તથા પરિચય લેખ આવકાર્ય છે.
- લેખ મૌલિક, સુવાચ્ય સર્જનાત્મક તેમજ જોડણીદોષ રહિત, પ્રિન્ટ કરેલો હોવો જોઇએ.
- લેખની એક નકલ પોતાની પાસે રાખવી. અસ્વીકૃત લેખ પરત મોકલવામાં આવશે નહી.
- લેખ અનુકૂળતા મુજબ પ્રગટ થશે. એ અંગેનો વિશેષ પત્ર વ્યવહાર કરવો નહીં.
- લેખના લખાણ અંગેની સંપૂર્ણ જવાબદારી જે તે લેખકની રહેશે.
- લેખમાં પ્રગટ થતાં વિચાર-વિગત સાથે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, અધ્યક્ષ, તંત્રી, સહતંત્રી, સલાહકાર સમિતિ કે સંપાદક મંડળ સહમત છે એમ માનવું નહીં.

# શિક્ષણની દીવાદાંડી
# (Lighthouse Schools)

– ડૉ. સી. ટી. ટૂંડિયા

સુરેન્દ્રનગર જિલ્લો એટલે ઝાલાવાડ, પાંચાળ, ઠાંગો, કાઠીયાવાડ અને ભાલપ્રદેશ. સુરેન્દ્રનગર જિલ્લામાં અસંખ્ય યાત્રાધામો, રક્ષિત સ્મારકો, પ્રાકૃતિક સ્થળો, ડુંગર, નળકાંઠો, રણવિસ્તાર અને વનવિસ્તાર (માંડવ વન) આવેલા છે. તરણેતરનો જગપ્રસિધ્ધ તરણેતરનો મેળો, જોડિયા પાવા, હુડોરાસ અને મંજીરારાસ અને વળી આપણો સૂકોપ્રદેશ. આપણા મલકના મનખની દિલની દાતારી અને ખુમારી અલગ તાસીર ધરાવે છે.

ઝાલાવાડના સાહિત્યકારોને જો યાદ કરીએ તો કવિશ્વર દલપતરામ, પ્રજારામ રાવળ, મનુભાઇ પંચોળી ‘દર્શક’, સ્વામી આનંદ, સમર્થ વાર્તાકાર બચુદાન ગઢવી, લોકગાયક હેમુ ગઢવી અને બાબુ રાણપુરા જેવા અસંખ્ય સાહિત્યકારો, સંગીતજ્ઞ અને સંસ્કૃતિથી ઝાલાવાડની ભૂમિ રળિયાત અને સમૃધ્ધ છે.

ઝાલાવાડમાં ઘરશાળા, વિકાસ વિદ્યાલય, મૈત્રી વિદ્યાપીઠ, શ્રી રાજસોભાગ આશ્રમ અને શ્રી પ્રજ્ઞાચક્ષુ મહિલા સેવાકુંજ જેવી અનેક નામીઅનામી સંસ્થાઓએ શિક્ષણમાં સંવેદનાનો પ્રાણ પૂરી સાક્ષી ભરી રહી છે.

પ્રાથમિક શાળાઓમાં પણ હવે SOE (School of Excellence) શાળા અંતર્ગત ચેતના અને સંવેદનાની ખેતી થઇ રહી છે. સુરેન્દ્રનગર જિલ્લાની પ્રાથમિક શાળાઓ હવે તીર્થરૂપ શાળાઓ બની રહી છે. જે શાળાઓના પ્રાંગણ પણ મૂકતા જ મનમંદિરમાં કોયલ ટહૂકવા લાગે છે અને મોરલો ગહેકાટ કરવા લાગે છે. જે શાળાઓમાં પગ મૂકતા જ બત્રીસે કોઠે દીવા થાય અને આપની શિક્ષણ પ્રત્યેની શ્રધ્ધા મજબૂત અને અતૂટ બને છે.

શિક્ષણમાં દીવાદાંડીરૂપ બની રહેનાર શાળાઓ છે સુરેન્દ્રનગર જિલ્લાના મુળી તાલુકાની SMART Primary School ટીડાણા, વઢવાણ તાલુકાની પ્રાથમિક શાળા-બલદાણા અને ધ્રાંગધ્રા તાલુકાની પ્રાથમિક શાળા જસમતપુર. આ શાળાઓ રાજ્ય સરકારે Lighthouse Schools તરીકે જાહેર કરેલી છે. શાળાઓ દ્વારા જિલ્લાની પ્રાથમિક શાળાઓ માટે આદર્શરૂપ અને ઊર્જાકેન્દ્રી બની રહેનાર છે.

ચાલો.. આપ સૌને પણ આ તીર્થરૂપ શાળાઓની પરકમ્મા કરાવરાવું.

**✻ SMART Primary School - ટીડાણા (મુળી)**

શિક્ષણક્ષેત્રમાં  શાળઓ પ્રગતિ સમગ્ર ભારતમાં પ્રખ્યાત છે. સુરેન્દ્રનગર જિલ્લાની પ્રથમ સ્માર્ટ સ્કૂલ તરીકેની નામના ધરાવતી શાળાને અનેક સન્માનો મળી ચૂક્યા છે. શાળા શિક્ષણની




વાત કરીએ તો હમણા જ સમગ્ર ગુજરાતની જે 10 શ્રેષ્ઠ શાળાઓ પસંદ કરવામાં આવી, તેમાં ટીડાણા શાળાનું નામ સૌરાષ્ટ્ર ઝોનમાં પ્રથમ છે. જેને રાજ્યકક્ષાએ સન્માન પણ કરવામાં આવનાર છે. ગુણોત્સવ અને ગુણોત્સવ 2.0માં પણ છેલ્લા 10 વર્ષથી સમગ્ર જિલ્લામાં પ્રથમ સ્થાન ધરાવે છે. ગુણોત્સવ 2.0માં શાળા પ્રથમ વર્ષે 4-સ્ટાર પરિણામ સાથે સમગ્ર ગુજરાતમાં બીજા નંબરે આવી હતી. જેમાં સંચાલન, શાળા સલામતી, અધ્યયન-અધ્યાપન પ્રક્રીયા જેવા તમામ પાસાઓમાં શાળાએ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો હતો. બીજી શાળાઓની જેમ આ શાળામાં પણ શિક્ષકોની ઘટ જેવા પ્રશ્નો ઉદ્‌ભવે છે. તેમ છતાં શાળાના સ્ટાફની અથાગ મહેનતના કારણે બે શિક્ષકોની બદલીના પ્રશ્ન હોવા છતાં શાળાનું 2021-22 અને 2022-23નું પરિણામ જિલ્લામાં પ્રથમ રહ્યું છે. શાળાએ 3-સ્ટાર રેન્કીંગ જાળવી રાખ્યું છે. આ ઉપરાંત શાળાના કેમ્પસ ડેવલોપમેન્ટમાં પણ ગુજરાતની 10 શાળાઓમાં પસંદગી થઇ છે. શાળાના બાળકો હિન્દી, અંગ્રેજી, ગુજરાતી ટાઈપ સરળતાથી કરી શકે છે. તેમજ ઇ-મેઇલ પણ કરી શકે છે. શાળામાં છેલ્લા 15 વર્ષથી ઘંટ નથી, છતાંપણ બાળકો સમયસર શાળાએ આવી જાય છે. જે બાળકોની શિક્ષણ પ્રત્યેની ભૂખ અને શાળાનું આકર્ષણ દેખાડે છે. શાળાનો ડ્રોપઆઉટ રેશિયો 0% છે. જે શાળા પ્રત્યેનો વિશ્વાસ દર્શાવે છે.

જિલ્લાની પ્રથમ Wi-Fi શાળામાં આજે તમામ વર્ગખંડમાં વિદ્યાર્થીઓને સ્માર્ટ ટચબોર્ડ દ્વારા અભ્યાસ કરાવે છે. બાહ્ય પરીક્ષાઓ જેવી કે NMMS માં 100 % પરિણામ, CET માં 17 વિદ્યાર્થીઓ મેરીટમાં પસંદ થઇ સમગ્ર જિલ્લામાં નામ રોશન કરેલ છે. જ્ઞાનસાધના પરીક્ષામાં 6 વિદ્યાથીઓ DLSS મેરીટમાં પસંદ થયાં છે. માત્ર શિક્ષણ નહિ પણ રમતગમતના ક્ષેત્રે પણ શાળાના ઘણા વિદ્યાર્થીઓ જેવી યોજનાનો લાભ મેળવી રહ્યા છે. જેમાં એક વિદ્યાર્થીની હાલ એથલેટીક્સમાં રાજ્ય કક્ષાએ રમે છે. એક વિદ્યાર્થી ફેન્સીંગમાં રાજ્યકક્ષાએ રમે છે.

નવોદય શાળામાં દર વર્ષે એક વિદ્યાર્થી પસંદ થાય છે. ગામનું સમગ્ર વાતાવરણ શિક્ષણમય બનાવવામાં શાળાનું મહત્વનું યોગદાન છે. શાળામાં સ્માર્ટ બચત બેંક છે, જેમાં બાળકો પોતાની બચતનાં રૂપિયા જમા કરે છે. તેનું સંચાલન દીકરીઓ દ્વારા જ કરવામાં આવે છે. જેમાં 17000 જેટલી બચત જમા છે.

બાળકોમાં સ્વચ્છતા પ્રત્યે જાગૃતિ આવે તે માટે શાળામાં સાબુ બેંક ચાલુ છે. જેમાં બાળકો પોતાના જન્મ દિવસે શાળાને સાબુ ભેટ આપે છે. જેમાં 300 થી વધુ સાબુ એકત્ર થયા છે. જેનો ઉપયોગ બાળકોને હાથ ધોવા માટે કરવામાં આવે છે. છેલ્લા 18 વર્ષથી રામરહીમ હાટ શરૂ છે. જેમાંથી બચત થયેલ રકમ શાળાના નબળા વર્ગના વિદ્યાર્થીઓને શિક્ષણ અને પ્રોત્સાહન પાછળ વાપરવામાં

આવે છે. હાજરી અને નિયમિતતા જેવા ઇનોવેટીવ પ્રયાસો પણ કરવામાં આવે છે.

1100ની વસ્તી ધરાવતા ગામમાં ગામનો સાક્ષરતા દર 2002 માં 50%ની આસપાસ હતો. જે અત્યારે 85% આસપાસ છે. આજે ગામમાં સ્નાતક સુધીના અભ્યાસની ટકાવારી 95% આસપાસ છે. જેમાં કન્યાઓની ટકાવરી 80% આસપાસ છે. જે ગામલોકોની શિક્ષણ પ્રત્યેની જાગૃતિ દેખાડે છે. આ નાના ગામમાં 26 સરકારી નોકરીયાત છે. અહીંના યુવાનો ખૂબ જ સાહસિક પણ છે જેઓ પોતાના કૌશલ્યના બળે પોતાનો અલગ વ્યવસાય કરી પ્રગતિ કરી રહ્યા છે.

શાળા માત્ર શિક્ષણ નહિ પણ સમાજ ઘડતરની પ્રવૃત્તિઓ કરી રહી છે. જેના કારણે આજે ગામ અને શાળા વચ્ચે એક સુંદર સેતુ નિર્માણ થયો છે. આમ શાળાશિક્ષણની સાથેસાથે રમતગમત, સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ તેમજ બાળકોના સર્વાંગી વિકાસના તમામ પાસાઓમાં અન્ય શાળાઓ માટે દીવાદાંડી સમાન છે. શાળામાં 50% સ્ટાફ 20 વર્ષથી વધુ સમય સુધી શાળાની સાથે સંકળાયેલા છે. જે તેમની શાળા પ્રત્યેની પ્રતિબધ્ધતા દર્શાવે છે. શાળાની કામગીરી જોવા દર વર્ષે 15 થી વધુ SMC તથા 200થી વધુ શિક્ષકો શાળાની મુલાકાત લે છે.

શાળાના બાળકો તથા શિક્ષકોને અનેક સન્માનો પ્રાપ્ત થયા છે. શાળાના આચાર્યશ્રી મહિપાલસિંહ સજ્જનસિંહ જેતાવતને શિક્ષણક્ષેત્રે કરેલ ઉમદા કામગીરીને ધ્યાને લઇને સમગ્ર રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ 2019 તેમજ ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ 2020થી સન્માનિત કરવામાં આવ્યા છે.

*** પ્રાથમિક શાળા – બલદાણા (વઢવાણ) :**



National Highway-8A લીંબડી – સાયલા રોડ પાસે આવેલી પ્રાથમિક શાળા – બલદાણા. સાયલા, લીંબડી અને વઢવાણ ત્રણ તાલુકાના ત્રિભેટી આવેલી વઢવાણ તાલુકાની બલદાણા પ્રાથમિક શાળા છેલ્લા એકાદ દાયકા જેટલા સમયથી શ્રેષ્ઠ શિક્ષણ સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ કરાવતી સરકારી શાળા તરીકે સુરેન્દ્રનગર જિલ્લામાં ઉભરી રહી છે. મન સાથે શરીરને પણ ઉનાળામાં ઠંડકનો અનુભવ કરાવે તેવું શાળાનું પર્યાવરણ, શૈક્ષણિક કાર્યમાં વધુ સમય આપી શકાય તે માટે શાળા સમય પહેલા જ બાળકો સાથે જ શિક્ષકો દ્વારા કરાતું સફાઇકામ તથ સર્વાંગી વિકાસ માટે જરૂરી ભૌતિક સુવિધાઓથી પરિપૂર્ણ સ્વચ્છ કેમ્પસ એ આ શાળાની ખાસ વિશેષતા છે. ટીમવર્ક દ્વારા શાળાનો વિકાસ એ શાળા પરિવારનો સંકલ્પ છે.

ગુણોત્સવ અંતર્ગત આ શાળાએ વર્ષ 2014 થી 2018 દરમિયાન ''A'' ગ્રેડમાં અને ગુણોત્સવ 2.0 અંતર્ગત વર્ષ 2019થી સતત ત્રણ વર્ષ ''A+ ગ્રીન રિપોર્ટ કાર્ડ'' સાથે જિલ્લામાની ટોપ ત્રણ શાળામાં રહેલ છે. શાળા પરિવાર કોરોનાના કપરાકાળમાં સતત બાળકો સાથે જોડાયેલા રહી

સમયદાન આપીને શેરી શિક્ષણ થકી બાળકોમાં લર્નિંગ લોસ ઓછો રહે તે માટે અવિરત પ્રયત્નશીલ રહેલ. હાલ અધ્યયન નિષ્પતિ આધારિત લર્નિંગ મટીરીયલથી સજ્જ પ્રજ્ઞા વર્ગો અને અન્ય વર્ગોમાં શિક્ષકો દ્વારા ટેકનોલોજી, બાળ મનોવિજ્ઞાન અને પધ્ધતિશાસ્ત્રના યથોચિત ઉપયોગ દ્વારા શ્રેષ્ઠ પરિણામ લક્ષી શિક્ષણ પુરું પાડે છે.

શાળાના 255 પૈકી 82% બાળકોમાં FLN માં પણ ઉચ્ચસિધ્ધિ મેળવીને સરકારશ્રીના સ્કૂલ ઓફ અક્સેલન્સ સર્ટીફીકેટ મેળવવાની ખૂબજ નજીક છે. PSE, NMMS, ચિત્રકામ તથા હાલમાં જ લેવાયેલ CET તથા જ્ઞાનસાધના પરીક્ષામાં પણ બાળકોએ મેરીટમાં આવી સફળતા મેળવેલ છે. છેલ્લા બે ખેલમહાકુંભમાં શાળાના વિદ્યાર્થીઓએ રાજ્યકક્ષા સુધી ભાગ લીધેલ છે. DLLS યોજનાનો લાભ લઇ SPORT શાળામાં પણ પ્રવેશ મેળવેલ છે. શાળામાં વિદ્યાર્થીઓનો ડ્રોપઆઉટ રેટ 0% છે.

શાળામાં સરકારશ્રીના તમામ કાર્યક્રમોની સાથે જ વિદ્યાર્થીઓ દ્વારા થતું વિવિધ કાર્યક્રમોનું સંચાલન, શાળામાં થતા વિવિધ કાર્યક્રમો અને તહેવારોની ઉજવણી, ખોયાપાયા, અક્ષયદ્રવ્ય, જન્મદિવસે સંકલ્પ લેવા જેવી વિવિધ વ્યક્તિત્વ વિકાસની પ્રવૃત્તિઓની સાથે જ બાળકોમાં ઉત્તમ ગુણોનું સિંચન કરવામાં આવે છે. શાળા દ્વારા શિક્ષણ સાથે શ્રેષ્ઠ સમાજની સંકલ્પના સિદ્ધ કરવા ગામમાં સ્વચ્છતા અભિયાન, વ્યસનમુક્તિ, પ્લાસ્ટિક મુક્ત ગામ જેવા વિવિધ કાર્યક્રમો થકી ગ્રામજનો સાથે પણ જોડાયેલ રહે છે. શાળાના વિવિધ કાર્યક્રમોમાં ગ્રામલોકોની સહભાગિતા, શાળાની ભૌતિક જરૂરીયાતોની વાલીઓ-ગ્રામજનો દ્વારા કરવામાં આવતી પૂર્તતા તેઓના શાળા અને શિક્ષકો પ્રપતેના અતૂટ વિશ્વાસને દર્શાવે છે. પરસ્પરના તાદાત્મ્ય દ્વારા ગામ અને શાળાનો વિકાસ એ 'ટીમ બલદાણા'નું ધ્યેય છે.

આજે ગામના 32 કરતા વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ વિવિધ સરકારી વિભાગોમાં પોતાની ફરજ બજાવી રહ્યા છે. ગામમાં જ રહેતા અને વિવિધ સરકારી વિભાગમાં ફરજ બજાવતા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના 4 જેટલા બાળકો આ જ સરકારી શાળામાં અભ્યાસ કરી રહ્યા છે.

છેલ્લા 9 વર્ષથી 9 સહકર્મીઓ સાથે HTAT આચાર્યા તરીકે ફરજ બજાવી રહેલ શિરીનબેન હુસેનભાઇ વંથલાની સાથે શિક્ષણની સાધના કરતા તમામ ગુરુજનોના શ્રેષ્ઠ ટીમવર્કથી શિસ્ત, શિક્ષણ અને સંસ્કારના ત્રિવેણીનો સમન્વય કરી આપવામાં આવતા શિક્ષણ થકી આજે બલદાણા શાળા અન્ય શાળાઓ માટે દીવાદાંડી રૂપ બની રહી છે.

*** પ્રાથમિક શાળા – જસમતપુર (ધ્રાંગધ્રા) :**

ધ્રાંગ (પથ્થર)-ધરા(ભૂમિ)ના આવેલી સુંદર શાળા એટલે જસમતપુર. સુરેન્દ્રનગર જિલ્લાનાં ધ્રાંગધ્રા તાલુકામાં કચ્છના નાના રણની કાંધીએ આવેલ ગામ જસમતપુરમાં તા. 01/04/1948ના રોજ શ્રી જસમતપુર પ્રાથમિક શાળાની સ્થાપના થયેલ. 2000ની વસતિ



ધરાવતા ગામમાં તમામ સમાજના લોકો રહે છે. સમયની સાથે ભૌતિક સુવિધા તથા નવા રૂમોની જરૂરિયાત જણાતા 2016માં ગ્રામ પંચાયત દ્વારા ગામની ખરાવાડની બે એકર જમીન શાળા માટે ફાળવવામાં આવી. અહીથી શરૂઆત થઇ એક આદર્શ શાળા બનાવવાની સફર...

શાળામાં 1 થી 8 ધોરણ અને 298 વિદ્યાર્થીઓની સંખ્યાનાં અનુસંધાને શાળા બિલ્ડીંગ બનાવવા માટે રાજકોટ સ્થિત ''લાઇફ એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ'' સાથે સંપર્ક કરીને વાટાઘાટો બાદ તે સંસ્થાની પોલીસી મુજબ બાંધકામ ખર્ચમાં 10% લોકફાળો આપ્યો. આ બાબતે ગ્રામસભા બોલાવવામાં આવી. લોકસહયોગ માટે શાળા દ્વારા ગ્રામજનોને ટહેલ નાખતા એક કલાકમાં જ 27,00,000/- (સત્યાવીસ લાખ) જેવી માતબર રકમનો સહયોગ પ્રાપ્ત થયો. આ નવું કેમ્પસ બન્યા બાદ 30 ડીસેમ્બર 2017 રોજ ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

હવે વાત કરવી છે શાળાની શૈક્ષણિક સફરની. આ શાળા છેલ્લા 10 ગુણોત્સવમાં સતત A ગ્રેડ મેળવેલ છે. છેલ્લા ગુણોત્સવમાં 2022-23માં શાળા 80.35% સાથે અ ગ્રેડ મેળવેલ છે. આજ સુધીમાં શાળામાંથી NMMS પરીક્ષામાં 27 વિદ્યાર્થીઓ મેરીટમાં આવેલ છે. જ્યારે સરેરાશ 97% વિદ્યાર્થીઓ પાસ થયેલ છે. જવાહર નવોદય પરીક્ષામાં કુલ 7 વિદ્યાર્થીઓ શાળામાંથી પસંદગી પામેલ છે. જ્ઞાનસેતુ પરીક્ષામાં કુલ 13 વિદ્યાર્થીઓ મેરીટમાં આવેલ છે. ઉપરોક્ત પરીક્ષાઓની તૈયારીઓ માટે શાળાનાં ગુરુજનો શાળા સમયબાદ સમયદાન આપે છે. કોરોનાના સમયગાળા દરમિયાન શાળાએ ઉત્કૃષ્ટ કામગીરીનું ઉદાહરણ પુરું પાડતા સતત દોઢ વર્ષ સુધી દરેક બાળકોને તેના ધોરણને અનુરૂપ ગૃહકાર્ય દર અઠવાડિયે 20 પેજની પ્રિન્ટ હાર્ડકોપી સ્વરૂપે દરેક વિદ્યાર્થીઓને હોમડીલીવરી પુરું પાડેલ છે. ને કામની નોંધ રાજ્યસ્તરે લેવામાં આવેલ છે. શાળામાં કુલ 298 વિદ્યાર્થીઓમાંથી 93% બાળકો FLN સિધ્ધિ ધરાવે છે. જ્યઉ પ્રોજેક્ટ અંતર્ગત શાળા ''મેરીટ સર્ટીફિકેટ''ની ખૂબ નજીક છે.

શાળામાં લોક સહયોગ દ્વારા સૌ પ્રથમ સ્માર્ટ ક્લાસની શરૂઆત જુન-2015માં કરવામાં આવેલ. શાળામાં કુલ 7 સ્માર્ટ કલાસ છે. સંપૂર્ણ કેમ્પસ wi-fi છે. ફક્ત સાત વર્ષના ટૂંકા સમયમાં જ્યાં એક પણ વૃક્ષ હતું નહીં ત્યાં 425 વૃક્ષ લહેરાય છે. શાળ કેમ્પસ સંપૂર્ણ સુવિધા સાથે રમત-ગમતનાં અલગ મેદાન, વૉક-વે ગાર્ડન ધરાવે છે. શાળામાં એક અલગથી લાયબ્રેરીનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યાં વિદ્યાર્થીઓ અલગ વિભાગ પ્રમાણે જરૂરી પુસ્તક સરળતાથી લઇ શકે અને વાંચી શકે છે. કેમ્પસમાં ગણિત-વિજ્ઞાન કોર્નર બનાવેલ છે. જેમાં બંને વિષયના અલગ-અલગ વર્કિંગ મોડ્યુલ તથા પથ્થરમાંથી કંડારેલ ગાણિતિક આકારો છે. બાળકો રમતા-રમતા આ વિષયનું જ્ઞાન મેળવે તે આશય છે. શાળામાં એક રૂમમાં વિજ્ઞાન લેબનું નિર્માણ કરવામાં આવ્યું છે કે જ્યાં બાળકોને પ્રયોગો બતાવવામાં આવે છે. તે

જ્યાએ બાળકો રિશેષ દરમિયાન પોતાના પ્રોજેક્ટ પણ બનાવે છે. શાળાએ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનમાં રાજ્યકક્ષા સુધી ભાગ લીધેલ છે. શાળામાં શિક્ષણની સાથે સાથે સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ પણ કરવામાં આવે છે. છેલ્લા સાત વર્ષમાં શાળામાં કુલ 4 રાત્રી સાંસ્કૃતિક કાર્યક્રમો કરેલ છે. જેમાં શાળાના 100% વિદ્યાર્થીઓએ ભાગ લીધેલ છે. આ રાત્રી કાર્યક્રમોમાં રૂા. 14,00,000/- (ચૌદ લાખ) જેવો માતબાર લોકસહયોગ મળેલ છે. શાળામાં વિવિધ તહેવારોની ઉજવણી, બાલસભા, મૂલ્યશિક્ષણ જેવી અનેક પ્રવૃત્તિઓ કરાવવામાં આવે છે. શાળામાં અભ્યાસ કરેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ વિવિધ ક્ષેત્રે સફળતા હાંસલ કરેલ છે.

શાળામાં આચાર્ય તરીકે શંભુભાઇ પટેલ તથા અન્ય 9 ગુરૂજનો દ્વારા એક ધ્યેય સાથે ખંતપૂર્વકની આ મહેનતનું પરિણામ છે. ટીમ જસમતપુરના આ નિઃસ્વાર્થ કામની નોંધ સમાજે લીધેલ છે. ગુરૂજનો પર વિશ્વાસ મૂકેલ છે. જેના ફળસ્વરૂપે કુલ 41,00,000/- (એકતાળીસ લાખ) જેટલા લોકસહયોગ દ્વારા શ્રેષ્ઠ શાળા નિર્માણ પામેલ છે. આમ રણની કાંધીએ આવેલ આ શાળા અન્ય શાળાઓ માટે દીવાદાંડી રૂપે અન્ય શાળાઓને રાહ ચિંધનાર છે, પ્રેરણારૂપ બની રહે તેમ છે.

ઉપરોક્ત ત્રણેય શાળાઓની પ્રત્યક્ષ મુલાકાત કરી દર્શન કર્યું છે, જેમાં નીચેના જેવી વિશિષ્ટતાઓ-સદ્‌ગુણો જોવા મળ્યા છે.

Dedication (સમર્પણ), Determination (નિશ્ચય), Documenation (દસ્તાવેજીકરણ), Discipline (શિસ્ત), Dwaible Work (ઉમદાકાર્ય), Dynamic (ક્રિયાશીલ-ગતિશીલ), Digital (તકનીકી), Decent (સંતોષકારક), Definition (વ્યાખ્યા), Diversity (વિવિધતા), Diagnostic (નિદાન), Deliberate (ચર્ચા વિચારણા કરવી), Deliver (વહેંચવું/સોંપવું) અને Describe (નિરૂપણ)

ઉપરોક્ત શાળાના કર્મશીલ આચાર્ય અને ગુરૂજનોને વંદન, અભિનંદન. સમસ્ત ગુજરાતના ગુરૂજનોને પ્રાર્થના કરું છું કે, આ તીર્થરૂપ શાળાઓનો જો પ્રવાસ કરીશું તો કાંઇક પામીને જરૂર જઇશું જ તેવી ઊંડેઊંડે અખંડ શ્રધ્ધા છે. આ શાળામાં કામ કરતા કર્મશીલ સારસ્વતોને વધુ ઊર્જા પ્રાપ્ત થશે.

ચાલો... શિક્ષણમાં જ્યાંથી આપણને ઊર્જા અને પ્રેરણા પ્રાપ્ત થનાર છે તેવી શિક્ષણની દીવાદાંડીરૂપ Light house Schools ની જાતરાએ...

બેસી રહેવાથી શું વળે 'આદિલ'
પગ ઉપાડો તો દ્વારિકા સામે.

**પ્રાચાર્ય,**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર**
Mobile : 98248 25561

## દેદીપ્યમાન દીપક દેવસર પ્રાથમિક શાળા

''શૂન્ય હતાં જે જે વિદ્યાર્થી, ત્યાં અંકો બનનારો શિક્ષક,
ઊગતા યુવાનોની આંખે, સપનાઓ ભરનારો શિક્ષક
મુટ્ઠીમાં રંગ ભર્યા સઘળા, નોખો છે ચિતારો શિક્ષક,
ઇશ્વર છે કે જાદુગર છે, ઇતિહાસ બદલનારો શિક્ષક.''

**– મીનાબેન વ્યાસ**

પ્રવેશોત્સવની મિટિંગ ચાલુ હતી. બાળકો માટેની દફતર કીટનું દાન મળી ગયું. ક્યાં શિક્ષકનું શું કરશે તેની જવાબદારી વહેંચાઇ ગઇ હતી. આચાર્યશ્રીએ કહ્યું – 'હવે આપના તરફથી કોઇ સૂચન હોય તો કહો.' શાળાના વિકાસનું સૂચન છે. આપ માનશો તો કહું ? શિક્ષક બોલ્યા આચાર્યશ્રીએ હકારમાં પોતાની આંખો ઢાળીને મૂક સંમતિ આપી.

'જેટલા વિદ્યાર્થીઓનો ધોરણ–1 માં પ્રવેશ તેટલા વૃક્ષોનો ઉછેર કરવો છે.' – શિક્ષક બોલ્યા.

જમીનની નીચે એક ફુટે પથ્થર છે વૃક્ષો ઉગશે ? – આચાર્યશ્રી

જરૂરથી ઉગશે –શિક્ષક.

ઉનાળામાં પાણી વૃક્ષોને કોણ પાશે.–આચાર્યશ્રી.

હું પાઇશ–શિક્ષક.

વૃક્ષો વાવવા માટે 25 ખાડા ખોદશે કોણ ? –આચાર્યશ્રી.

હું ખોદીશ–શિક્ષક.

તો મને વાંધો નથી. હું તો તમારી સાથે છું જ પણ, તમારી સાથે બધા શિક્ષક મિત્રો જોડાશે ! તો ચાલો સાથે મળીને શાળાને નંદનવન બનાવીએ.

એ શિક્ષક એટલે ચંદુભાઇ કણસાગરા અને તેમને સાથ મળ્યો નરેશભાઇ ચાવડા તેમજ બીજા શિક્ષક મિત્રોનો. એ આચાર્ય વિશરામભાઇ મેણા. જે શાળામાં એક વૃક્ષ ન હતું ત્યાં વૃક્ષો વાવવા માટે પંચાયત પાસે બીજી જમીન માંગવામાં આવી. પંચાયતે તે ફાળવી પણ ખરી.

જેટલા બાળકો પ્રવેશ મેળવે તેટલા વૃક્ષો વાવતા ગયાં. શાળામાં લાઇટ હતી નહીં. ઉનાળામાં ડંકીમાં પાણી ખુટી ગયું. અડધો કિલોમીટર દૂરથી પાણી લાવીને પણ વૃક્ષો ઉછેર્યા પછીતો શાળામાં લાઇટ પણ આવી. વૃક્ષો ઉનાળામાં બળી ન જાય અને એકાંતરે પાણી પાવા માટે નવી ટપક પધ્ધતિ શિક્ષકશ્રી લાવ્યા. ગામમાં ફરીને 5 લિટર તેલના ખાલી ડબલા ભેગાં કર્યાં. તેમાં પાણી ભરીને દરેક વૃક્ષ

પાસે મૂકાયું ડબલામાં નાનુ કાણું પાડીને નવી ટપક પધ્ધતિ. વૃક્ષો લીલાછમ થયાં. જે વૃક્ષો બળી જાય ત્યાં નવા વવાતા. આજે તે શાળામાં વિદ્યાર્થીઓની સંખ્યા કરતા વૃક્ષોની સંખ્યા વધુ છે. એટલું જ નહીં. ગામનાં સ્મશાનમાં પણ વૃક્ષો વવાયા. ફરતી ફેન્સીંગ થઇ અને તેને ઉછેરવામાં ગામલોકોએ મદદ કરી.

ચેનથી બેસે તે શિક્ષક નહિ,
વિચારને ઉગાડે નહિ તે શિક્ષક નહિ,
પરિવર્તનનો પમરાટ ફેલાવે નહિ તે શિક્ષક નહિ.

શાળા નંદનવન બની પણ બાળકોના વિકાસનું શું ? શાળા લીલીછમ બની પણ વિદ્યાર્થીઓની પ્રગતિ માટે કશું ક કરવું જ રહ્યું. તેમાં સાથ મળ્યો શિક્ષિકાબેન શ્રી નયનાબા રાણાનો.

સિન્ટેક્ષના રૂમમાં જૂડો-કુસ્તીની તાલીમ શરૂ થઇ. 5 થી 6.30 સુધી તાલીમ ચાલતી. તેમાં વિઘ્ન આવ્યું. આ રૂમને તોડી પાડવા ટીમ આવી. અધિકારીઓને SMC તથા શિક્ષકમિત્રો બધાએ વિનંતી કરી. તાલીમ શરૂ રહી. દીકરીઓને આગળ નહીં ભણાવવાની માનસિકતા ગામમાં હતી. તેના માટે DLSS (ડીસ્ટ્રીક્ટ લેવલ સ્પોર્ટસ સ્કૂલ) એક ઉપાય હતો.

રસ્સા ઉપર ચડવું, દોડવું, કુસ્તી તેમજ ખભાને મજબૂત કરવા માટે નવું જ આયોજન થયું ટ્રેક્ટરનું જુનું ટાયર શાળામાં લવાયું બે લાકડાની ગદા(હથોડા) બનાવવામાં આવ્યાં. દરરોજ બાળકો 20-20 ગદા ટ્રેક્ટરના પૈડાને મારે, બાળકોની વૃત્તિઓનું ઉર્ધ્વીકરણ થયું. તોફાન-ધીંગામસ્તી હવે કબડ્ડી, ખો-ખો, જૂડો, કુસ્તી, દોડમાં વળી હતી. સારા કાર્યોનું ફળ સારું જ આવતું હોય છે. જે છોકરીઓ ધો. 8 પછી આગળ ભણતી ન હતી. તે સ્પોર્ટસ સંકુલમાં ટોટલ સરકારી ખર્ચમાં સારી સુવિધા સાથે ભણવા લાગી. ઘણી બધી બાળાઓ બોયકટ વાળ રાખવા લાગી. 4 વર્ષ પહેલા DLSS ની પસંદગીમાં શાળાના બાળકો પસંદ થયાં તેમનો જૂડો-કુસ્તીમાં નંબર આવ્યો અને પરિવર્તનનો પવન ફૂંકાયો.

છેલ્લા 3 વર્ષમાં 26 બાળકો DLSS માં પસંદગી પામ્યાં. એટલું જ નહીં આ વર્ષે 9 વિદ્યાર્થીઓ એક જ શાળાના પસંદ થયાં એ સમગ્ર જિલ્લાનો પ્રથમ બનાવ છે.

કોમલ વાઘેલા અને ગીતા મેસરિયા જેવા વિદ્યાર્થીઓ સ્ટેટમાં પ્રથમ અને દ્વિતીય નંબર લાવ્યાં. રાજ્ય લેવલે જૂડો અને કૂસ્તીમાં 32 છોકરીઓ પસંદ કરવાની હતી, તેમાં 6 છોકરીઓ એક જ શાળા દેવસરની પસંદગી પામી એ શિક્ષકોની તપશ્ચર્યાને પરિણામે હતું.

સવારે સાત વાગ્યે પણ ઘણીવાર શાળા ખૂલે છે અને સાંજે સાત વાગ્યે બંધ થતી હોય છે. શિયાળુ વેકેશન હોય કે ઉનાળું વેકેશન હોય શાળા ખુલ્લી જ હોય છે. વિદ્યાર્થીઓને પ્રેક્ટિસ માટે સમયદાન આપવું બહું કઠિન છે. વિદ્યાર્થીઓને અલગ-અલગ જિલ્લાઓમાં જૂડો-કુસ્તી માટે લઇ જવા

સહેલું નથી. DLSS ની પરીક્ષા માટે બાળકોને લઇ જવા માટે ઘણું બધું કાર્ય કરવું પડે છે. વિદ્યાર્થીઓના વિકાસ માટે શિક્ષકો બધું જ કરી છૂટે છે. ચંદુભાઈ અને નરેશભાઇની જુગલ જોડી માટે કોઇ કાર્ય કઠિન નથી.

જૂડો અને કુસ્તી માટે રૂમમાં ગાદલાની જરૂર હતી. તેનો ખર્ચ ઘણો બધો આવે તેમ હતું. કુસુમબેન ડાભીએ 11000/- આપીને તે રૂમમાં ફોમ લગાવી દીધુ જેથી વિદ્યાર્થીને ધોબી પછાડમાં પણ વાગે નહી. કુસ્તીના દાવ નિર્ભિક પણે થઇ શકે.

શાળામાં સુંદર ચબૂતરાનું નિર્માણ થયું કબૂતરોનું તે કાયમી આશ્રય સ્થાન બન્યું સંવેદનાનું શિક્ષણ પ્રત્યક્ષ બન્યું દારૂ-જુગાર અને તમાકુના વ્યસનો ઘટાડવા શેરી નાટકો થયાં. શાળામાં સમસ્યા આવી તો શિક્ષકોએ તેનું સમાધાન કર્યું. શાળાને નંદનવન બનાવવાનો પ્રયત્ન ચાલુ જ છે. કિરણ જોગીદાસનો શેર યાદ આવે છે. દેવસર પ્રાથમિક શાળા તા. ચોટીલાના શિક્ષકોની કામગીરી જોઇને.

''તમારી રાહ આપોઆપ સીધીને સરળ થાશે, પરાઇ રાહના પથ્થર કદી જોજો હટાવીને,
નથી કઇ મીણ કે સળગાવશે તો પીગળી જાશુ, કનક માફક ઘડીશું જાત જોઇલો તપાસીને.''

**કવિ – કિરણ જોગીદાસ**

### જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર
## જિલ્લા કક્ષાની વાર્તા સ્પર્ધાના વિજેતા થયેલ સ્પર્ધકોની માહિતી

| ક્રમ | વિભાગનું નામ | સ્પર્ધાનું નામ | વિજેતા ક્રમ | વિજેતાનું નામ | ધોરણ | શાળાનું નામ | તાલુકો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ફાઉન્ડેશન સ્ટેજ | વાર્તાકથન | પ્રથમ | તુલસી કનુભાઇ સાવડિયા | ૨ | બામણવા પ્રા. શાળા | પાટડી |
| ૨ | (પ્રારંભિક | વાર્તાકથન | દ્વિતીય | પરમાર રીધ્ધિબા આર. | ૨ | ગઢાદ પ્રા. શાળા | મુળી |
| ૩ | ધો. ૧ થી ૨) | વાર્તાકથન | તૃતીય | આરાધ્યા મહેશભાઇ કુરિયા | ૨ | નવલગઢ પ્રા. શાળા | ધ્રાંગધ્રા |
| ૧ | પ્રિપેરેટરી સ્ટેજ | વાર્તાકથન | પ્રથમ | રામી હેત્વીક ચિરાગલાલ | ૩ | શ્રી નગવાડા પ્રા. શાળા | પાટડી |
| ૨ | (પ્રાથમિક | વાર્તાકથન | દ્વિતીય | દરજી કાવ્યાબેન મનીષભાઇ | ૪ | સાયલા શાળા નં. ૩ | સાયલા |
| ૩ | ધો. ૩ થી ૫) | વાર્તાકથન | તૃતીય | દેરાસરી દ્વિજ ગાયત્રીપ્રસાદ | ૫ | નવાગામ(થાન) પ્રા. શાળા | થાનગઢ |
| ૧ | મિડલ સ્ટેજ | વાર્તાલેખન | પ્રથમ | દિવ્યાબા દેવેન્દ્રસિંહ ઝાલા | ૮ | કન્યા શાળા, કોંઢ | ધ્રાંગધ્રા |
| ૨ | (ઉચ્ચ પ્રાથમિક | વાર્તાલેખન | દ્વિતીય | લલુતરા કિરણબેન લાલજીભાઇ | ૮ | ડોળીયા કન્યા પ્રા. શાળા | સાયલા |
| ૩ | ધો. ૬ થી ૮) | વાર્તાલેખન | તૃતીય | ઓમ જગદીશભાઇ ડેડાણીયા | ૮ | સુ.નગર-૫ પે સે. શાળા | વઢવાણ |

# હિન્દી દિવસ

દેશમાં દર વર્ષે 14 સપ્ટેમ્બર હિન્દી દિવસ ઉજવવામાં આવે છે. વિશ્વમાં 420 મિલિયન લોકો હિન્દીને માતૃભાષા તરીકે બોલે છે અને લગભગ 120 મિલિયન લોકો તેને બીજી ભાષા તરીકે બોલે છે. આ ક્રમમાં 14 સપ્ટેમ્બર થી 21 સપ્ટેમ્બર સુધી હિન્દી સપ્તાહ અથવા રાજભાષા સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે. હિન્દી ભારતીય પ્રજાસત્તાકની 22 સત્તાવાર ભાષાઓમાંની એક છે. હિન્દીને રાષ્ટ્રભાષા બનાવવાનો વિચાર સૌ પ્રથમ મહાત્મા ગાંધીને 1918માં હિન્દી સાહિત્ય સંમેલન દરમિયાન રજૂ કર્યો હતો. ભારતનું બંધારણ કલમ 343 હેઠળ હિન્દીને સત્તાવાર રાષ્ટ્રભાષા તરીકે માન્યતા આપે છે. ભારતનાં ભૂતપૂર્વ વડાપ્રધાન અટલ બિહારી બાજપેયી 1977માં વૈશ્વિક સ્તરે આંતરરાષ્ટ્રીય પ્રેક્ષકોને હિન્દીમાં સંબોધિત કરનાર પ્રથમ નેતા હતા. તે સમયે તેઓ વિદેશમંત્રી હતા. તેમણે સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં હિન્દીમાં ભાષણ આપ્યું હતું.

આ દિવસે 1949માં બંધારણ સભાએ હિન્દીને સત્તાવાર ભાષા તરીકે અપનાવી હતી. આ તારીખ સ્વતંત્ર ભારતના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ દ્વારા પસંદ કરવામાં આવી હતી. હિન્દી એ ફારસી શબ્દ છે અને ભાષાની પ્રથમ કવિતા પ્રખ્યાત કવિ અમીર ખુસરો દ્વારા લખવામાં આવી હતી. પર્શિયનમાં હિન્દી શબ્દનો અંદાજે અર્થ સિંધુ નદીની ભૂમિ થાય છે. હિન્દી ભાષા મેન્ડરિન, સ્પેનિશ અને અંગ્રેજી પછી વિશ્વમાં ચોથી સૌથી વધુ બોલાતી ભાષા છે. ભારતની વાત કરીએ તો અહીના 77 ટકા લોકો હિન્દી બોલે છે, સમજે છે અને લખે છે.

મહાન સાહિત્યકાર વ્યાહાર રાજેન્દ્રસિંહે હિન્દી ભાષાને સત્તાવાર ભાષાનો દરજ્જો અપાવવા માટે ઘણો સંઘર્ષ કર્યો હતો. તેઓ હિન્દી સાહિત્ય સંમેલનના પ્રમુખ પણ હતા. રાજેન્દ્રીસંહનો જન્મ 14 સપ્ટેમ્બર 1900 ના રોજ જબલપુર મધ્યપ્રદેશમાં થયો હતો. તેઓ ભારતીય વિદ્વાન, હિન્દી પ્રખ્યાત, સંસ્કૃતશાસ્ત્રી, રામાયણ-સત્તધિકાર અને ઇતિહાસકાર હતા. આ ઉપરાંત ભારતની રાષ્ટ્રીયભાષા સંવર્ધન સમિતિના સૂચન પર 1953માં પ્રથમ વખત હિન્દીને સમર્પિત દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ દિવસ મનાવવા પાછળનું કારણ ભાષાનું મહત્વ વધારવાનું હતું. રાજભાષા બનાવવામાં પણ તેમની ભૂમિકા ઘણી મોટી હતી.

દર વર્ષે હિન્દી દિવસે અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમ એક અઠવાડિયા સુધી ચાલે છે. અને હિન્દી પખવાડિયું કહેવામાં આવે છે. આ દરમિયાન કોલેજો અને શાળાઓ જેવી શૈક્ષણિક સંસ્થાઓમાં આ ખાસ દિવસે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. ભાષા સન્માન એવોર્ડ 14 સપ્ટેમ્બરના રોજ આપવામાં આવે છે.

**સંકલન : કૌશિકકુમાર પી. પ્રજાપતિ**

**મુખ્ય શિક્ષક - શ્રી વસાડવા પ્રા. શાળા, તા. ધ્રાંગધ્રા**

# યોગ તાલીમ

ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ દ્વારા પ્રેરિત અને GCERT ગાંધીનગર તેમજ ડાયેટ સુરેન્દ્રનગરના સંયુક્ત ઉપક્રમે નવમા આંતરાષ્ટ્રિય યોગ દિવસ નિમિત્તે ત્રણ દિવસીય યોગ શિબિરનું આયોજન થયેલ.

આ શિબિર ત્રિમંદિર ખાતે નિવાસી તાલીમ સ્વરૂપે યોજાયેલ જેમાં જિલ્લાના 8CRC દીઠ બે શિક્ષક એમ કુલ 176 શિક્ષકો યોગની તાલીમ સુપેરે યોજવામાં આવી

આ કાર્યક્રમના ત્રીજા દિવસે સમાપન સમારોહમાં પ્રેરણા-પ્રોત્સાહન આપવા માટે પદાધિકારીશ્રીઓ, અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેમાં મુખ્ય મહેમાન ગુજરાત વિધાનસભાના મુખ્ય નાયબ દંડકશ્રી અને વઢવાણ વિસ્તારનાં લોકપ્રિય ધારાસભ્યશ્રી જગદીશભાઇ મકવાણા દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઐતિહાસિક બાબતોથી સૌને વાકેફ કરેલ અને પ્રેરણા પૂરી પાડેલ હતી. અન્ય મહાનુભાવો શ્રી વીરેન્દ્રભાઇ આચાર્ય પ્રમુખશ્રી સુરેન્દ્રનગર-દૂધરેજ નગરપાલિકા, શ્રી નરેન્દ્રભાઇ મુંજપરા ચેરમેનશ્રી જિલ્લા શિક્ષણ સમિતિ-સુરેન્દ્રનગર, શ્રી સી.કે. પરમાર પતંજલિ યોગ સમિતિના સુરેન્દ્રનગરના ચેરમેન અને જિલ્લા પ્રભારીશ્રી ડૉ. સી. ટી. ટૂંડિયા પ્રાચાર્યશ્રી ડાયેટ-સુરેન્દ્રનગર, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી કે. એન. બારોટ સાહેબ તેમજ નીતાબેન દેસાઇ ગુજરાત રાજ્ય યોગ બોર્ડના જિલ્લાના સંયોજક ઉપસ્થિત હતા.

આ યોગ શિબિરમાં યોગ ટ્રેનર તરીકે જગમાલભાઇ અલગોતર, નિલેશભાઇ જોટાણીયા, રાજુભાઇ સાવલીયા, પ્રકાશભાઇ, મેઘદૂતભાઇ, હિંમતભાઇ મકવાણા પોતાની ઉમદા સેવાઓ આપી હતી. આ શિબિરનું સમગ્ર સંચાલન ડાયેટના લેકચરર શ્રી. જે. જે. જોષી દ્વારા કરવામાં આવેલ તેમની સાથે હેમલભાઇ તુરખીયા અને નિલેશભાઇ ગર્જ્જરે અને સિ.લે. વિમલભાઇ દંગીએ સંકલનની ભૂમિકા અદા કરેલ હતી.

આ તકે તા. 20 ના રોજ શિક્ષક સંગીત કલાવૃંદ દ્વારા રાત્રિના એક સાંસ્કૃતિક કાર્યક્રમ પણ રજૂ કરેલ હતો.

# પાઠ આયોજન કેવી રીતે કરશો ?

★ **અધ્યયન નિષ્પતિ :**

EVS512 સમાજની મહત્વની સમસ્યાઓ (પડકારો)માં પોતાનાં અવલોકન કે અનુભવોને આધારે સમાજની પ્રવૃત્તિઓ વિશે અભિપ્રાય આપે છે. (જેમ કે સંસાધનોની પ્રાપ્તિ અને માલિકી, સ્થાળાંતર, સ્થાપના-વિસ્થાપન, બાળહકો) Voices opinionson issues observed/experienced and relates practices/happenings to large issues of society.

★ **અધ્યયન નિષ્પતિની સમજ :**

- વિદ્યાર્થીઓ ઇંધણની ઉપયોગિતા અને તેના પ્રાપ્તિસ્થાનો વિશે જાણે.
- વિદ્યાર્થીઓ સ્થળાંતર માટેના કારણો અને તેને કારણે ઉદ્ભવતી સમસ્યાઓ જાણે.
- વિદ્યાર્થીઓ બાળહકો વિશે જાણે.

★ **પૂર્વજ્ઞાન :**

- વિદ્યાર્થીઓ ઇંધણની ઉપયોગીતા વિશે જ્ઞાન ધરાવે છે.
- વિદ્યાર્થીઓ સ્થાળાંતરના કારણો અને તેને કારણે ઉદ્ભવતી સમસ્યાઓ અંગે જ્ઞાન ધરાવે છે.

★ **સમાવિષ્ટ એકમ :**

| એકમ ક્રમ | એકમનું નામ | ક્ષેત્રનું નામ |
|---|---|---|
| 12 | જો ખૂટી જાય તો ? | મુસાફરી |
| 14 | જ્યારે ધરતી ધ્રુજી ઊઠી ! | રહેઠાણ |
| 17 | દીવાલ ઓળંગી લીધી | કુટુંબ અને મિત્ર |
| 18 | હવે અમે ક્યાં જઇએ ? | કુટુંબ અને મિત્ર |
| 22 | ફરી ઉપડ્યા | કુટુંબ અને મિત્ર |

★ **અધ્યયન બિંદુઓ :**

✳ ઇંધણની પ્રાપ્તિ

✳ સ્થાળાંતર

✳ વિસ્થાપન

✳ બાળહકો

✳ સ્થાપન

★ **અધ્યયન પ્રક્રિયા :**

સરળ પ્રવૃત્તિઓ કરાવવી, અવલોકનની નોંધ કોષ્ટક સ્વરૂપે/સ્કેચ દોરીને/આલેખ /લેખિત કે મૌખિક રીતે કરી તેનું અર્થઘટન અને તારણો રજૂ કરાવવા.


★ **અન્ય વિષયો સાથે અનુબંધ :**

(૧) ભાષા (૨) ગણિત (૩) સામાજિક વિજ્ઞાન

★ **અધ્યાયન-અધ્યાપન વર્ગખંડ પ્રક્રિયા :**


⁕ પ્રવૃત્તિ : 1

તમે જોયેલાં વાહનોની યાદી બનાવી તે ક્યાં ચાલે છે અને ક્યા ઇંધણથી ચાલે છે ? તેની માહિતી નીચે આપેલાં કોષ્ટકમાં ભરો.

| વાહનનું ચિત્ર | વાહનનું નામ | ક્યાં ચાલે છે ? | તેમાં વપરાતું ઇંધણ |
|---|---|---|---|
|  | રેલગાડી | પાટા પર | કોલસો/વીજળી/ડિઝલ |
|  | મોટરકાર | રસ્તા પર | પેટ્રોલ/ડિઝલ |
|  | મોટરસાયકલ | રસ્તા પર | પેટ્રોલ |
|  | | | |
|  | | | |
|  | | | |


* પ્રવૃત્તિ : 2

ખનીજ તેલમાંથી મળતા જુદાં-જુદાં ઉત્પાદનોના નામ આપેલ વર્તુળમાં લખો.




* પ્રવૃત્તિ : 3

સૂર્યઊર્જાથી ચાલતાં જુદાં-જુદાં સાધનોના નામ આપેલ વર્તુળમાં લખો.



⁎ પ્રવૃત્તિ : 4

નીચેના નકશામાં ભારત દેશના તેલક્ષેત્રો ધરાવતાં રાજ્યોની માહિતી મેળવી તેમાં મનપસંદ રંગ પૂરી અને તે રાજ્યોના નામ લખો.



⁎ પ્રવૃત્તિ : 5

કૌંસમાંથી શબ્દો પસંદ કરી ચિત્રોમાં આપેલાં 'ઘર'ને ક્યા નામે ઓળખવામાં આવે છે. તે લખો.

( ઇગ્લૂ, તંબુ, મકાન, ભૂંગો, ઝૂંપડી )



⁕ પ્રવૃત્તિ : 6

નીચે આપેલ રમતવીરો ઓળખી તેનું નામ અને તે કઇ રમત સાથે સંકળાયેલ છે તે રમતનું નામ લખી તેના વિશે પાંચ વાક્યો તમારી નોટબુકમાં લખો.










⁕ પ્રવૃત્તિ : 7

નીચેની પરિસ્થિતિમાં શું કરશો ?

ઉદાહરણ : **પૂર આવે ત્યારે :** - ઊંચાઇવાળી જગ્યાએ જતાં રહેવું

- ટોર્ચ (હાથબત્તી) તેમજ જરૂરી સામાન સાથે લેવો.
- રેડિયો અને ટી.વી. પર સમાચાર સાંભળતા અને જોતા રહેવું.

**- ધરતીકંપ આવે ત્યારે :**

**- આગ લાગે ત્યારે :**

**ડૉ.. રાજેનકુમાર ડી. પિતલિયા**

**લેકચરર,**

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર.**

## જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં વિજેતા થયેલ સ્પર્ધકોની માહિતી

| ક્રમ | વિભાગનું નામ | સ્પર્ધાનું નામ | વિજેતા ક્રમ | વિજેતાનું નામ | શાળાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧ | પ્રાથમિક | | પ્રથમ | હર્ષકુમાર લવજીભાઇ વાઘેલા | શ્રી ઝમર પ્રા. શાળા |
| ૨ | પ્રાથમિક | ચિત્ર | દ્વિતીય | કિંજલ દીપકભાઇ રોજાસરા | કરોડા પ્રા. શાળા |
| ૩ | પ્રાથમિક | | તૃતીય | સાંવી સંજયકુમાર સંઘવી | વન વર્લ્ડ સ્કૂલ |
| ૪ | પ્રાથમિક | | પ્રથમ | ધમલ દિવ્યાંગભાઇ | આદિત્ય વિદ્યાલય પ્રા. શાળા |
| ૫ | પ્રાથમિક | બાલકવિ | દ્વિતીય | નયન મહેશભાઇ રાઠોડ | શ્રી ઝાડીયાણા પ્રા. શાળા |
| ૬ | પ્રાથમિક | | તૃતીય | ધાંધલ આયુષી હિતેશભાઇ | શ્રી જુગતરામ દવે પે સે. શાળા-૨ |
| ૭ | પ્રાથમિક | | પ્રથમ | વેણુ કંદર્પકુમાર રાવલ | શ્રી દર્શન વિદ્યાલય |
| ૮ | પ્રાથમિક | સંગીત ગાયન | દ્વિતીય | ધાર્મિક મુકેશભાઇ બાકરેચીયા | જરવલા પ્રા. શાળા |
| ૯ | પ્રાથમિક | | તૃતીય | જાદવ પાયલ પ્રવીણભાઇ | લીંબડી-૧૦ પ્રા. શાળા |
| ૧૦ | પ્રાથમિક | | પ્રથમ | સાધુ નિર્મળદાસ મોરારીદાસ | થળા પ્રા. શાળા |
| ૧૧ | પ્રાથમિક | સંગીત વાદન | દ્વિતીય | વાળા ધર્મદીપ અતુલભાઇ | સુદામડા-૧ પે સે.શાળા |
| ૧૨ | પ્રાથમિક | | તૃતીય | શુભેચ્છાબા રોહિતસિંહ ઝાલા | નિલકંઠ વિદ્યાલય |
| ૧૩ | માધ્યમિક | | પ્રથમ | ઝીંઝુવાડીયા પ્રિન્સ બેચરભાઇ | દર્શન વિદ્યાલય, રતનપર |
| ૧૪ | માધ્યમિક | ચિત્ર | દ્વિતીય | પટેલ ધૃવી વિપુલભાઇ | તપોવન વિદ્યાલય, ધ્રાંગધ્રા |
| ૧૫ | માધ્યમિક | | તૃતીય | રુદ્રીકાબેન ગણપતભાઇ કલારીયા | સરકારી માધ્ય. શાળા ભલગામડા |
| ૧૬ | માધ્યમિક | | પ્રથમ | પરમાર ભાવેશ કેતનભાઇ | પ્રગતિ વિદ્યાલય, સુરેન્દ્રનગર |
| ૧૭ | માધ્યમિક | બાલકવિ | દ્વિતીય | રીતિકા હરેશભાઇ મકવાણા | મ્યુનિસિપલ હાઇસ્કૂલ, થાનગઢ |
| ૧૮ | માધ્યમિક | | તૃતીય | ક્રિષ્નાબેન દિપકકુમાર પટેલ | કે.પી. ગર્લ્સ હાઇસ્કૂલ, વઢવાણ |

## જિલ્લા કક્ષાના કલા ઉત્સવમાં વિજેતા થયેલ સ્પર્ધકોની માહિતી

| ક્રમ | વિભાગનું નામ | સ્પર્ધાનું નામ | વિજેતા ક્રમ | વિજેતાનું નામ | શાળાનું નામ |
|---|---|---|---|---|---|
| ૧૯ | માધ્યમિક | સંગીત ગાયન | પ્રથમ | હેરમા કૃપાલી મુકેશભાઇ | સાધના વિદ્યાલય |
| ૨૦ | માધ્યમિક | | દ્વિતીય | સુહાની દાનાભાઇ મકવાણા | મોડલ સ્કૂલ પાટડી |
| ૨૧ | માધ્યમિક | | તૃતીય | ભુસડિયા માધવી ભરતભાઇ | પી.જી.એન.એમ.એસ., જો.નગર |
| ૨૨ | માધ્યમિક | સંગીત વાદન | પ્રથમ | પરમાર ક્રિષ્ના રવિભાઇ | જી.કે.મંડળ હાઇસ્કૂલ, લીંબડી |
| ૨૩ | માધ્યમિક | | દ્વિતીય | જાદવ પુનીત ચેતનભાઇ | સ્વસ્તિક સ્કૂલ, સુરેન્દ્રનગર |
| ૨૪ | માધ્યમિક | | તૃતીય | યુગ નિકુલભાઇ પંડ્યા | બી.કે.શાહ હાઇસ્કૂલ, આદરીયાણા |
| ૨૫ | ઉ.માધ્યમિક | ચિત્ર | પ્રથમ | શેઠ સિધ્ધાર્થી રોહિતકુમાર | આર.પી.પી. સ્કૂલ, સુરેન્દ્રનગર |
| ૨૬ | ઉ.માધ્યમિક | | દ્વિતીય | જાદવ નયના ગિરિશભાઇ | સરકારી ઉ.માધ્ય.શાળા, ભલગામડા |
| ૨૭ | ઉ.માધ્યમિક | | તૃતીય | ભાવિકા મહેશભાઇ ચૌહાણ | સર એ. હાઇસ્કૂલ, ધ્રાંગધ્રા |
| ૨૮ | ઉ.માધ્યમિક | બાલકવિ | પ્રથમ | મહેશ્વરી કે. ભટ્ટી | એમ.ઓ.શેઠ વિદ્યાલથ ખેરાળી |
| ૨૯ | ઉ.માધ્યમિક | | દ્વિતીય | મીનાબેન બળદેવભાઇ મુંધવા | પી.જી.એન.એમ.એસ., જો.નગર |
| ૩૦ | ઉ.માધ્યમિક | | તૃતીય | ઉર્મિલા કમલેશભાઇ સોલંકી | બી.કે.શાહ હાઇસ્કૂલ, આદરીયાણા |
| ૩૧ | ઉ.માધ્યમિક | સંગીત ગાયન | પ્રથમ | મનિષાબેન કે. ગમારા | એમ.યુ.શેઠ હાઇસ્કૂલ, વઢવાણ |
| ૩૨ | ઉ.માધ્યમિક | | દ્વિતીય | પટેલ દિવ્ય દેવેન્દ્રભાઇ | નિલકંઠ વિદ્યાલથ, લીંબડી |
| ૩૩ | ઉ.માધ્યમિક | | તૃતીય | પ્રાર્થના સુખાભાઇ અલગોતર | મ્યુનિસિપલ હાઇસ્કૂલ થાનગઢ |
| ૩૪ | ઉ.માધ્યમિક | સંગીત વાદન | પ્રથમ | પૃથ્વીસિંહ ડી. રાઠોડ | ન્યાલકરણ વિદ્યાલય, વઢવાણ |
| ૩૫ | ઉ.માધ્યમિક | | દ્વિતીય | કાર્તિકભાઇ રાજુભાઇ મોરી | સી.ડી.કપાસી સ્કૂલ, ચુડા |
| ૩૬ | ઉ.માધ્યમિક | | તૃતીય | પુરબિયા વનરાજભાઇ ચેતનભાઇ | ડી.એન.ટી. સ્કૂલ, જોરાવરનગર |

# સ્ટેમ સેલ હેન્ડસ ઓન ગણિત વિજ્ઞાન તાલીમ

















DIKSHA

# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, સુરેન્દ્રનગર દ્વારા DIKSHA પોર્ટલ પર રજૂ કરવામાં આવેલ કોર્ષ

## જ્ઞાનકુંજ 3.0

## નો

## QR કોડ

F1N6B9

https://diksha.gov.in/explore-course/course/do_31385308594715852811465


**: સંકલન :**

**D. K. Gosai**

**E.T. શાખા**


**બુક-પોસ્ટ**

To ______________________________

______________________________

______________________________

**રવાના :** શ્રી ઝવેરચંદ મેઘાણી

**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,** સુરેન્દ્રનગર